BUSINESS મિત્ર

શેરબજારના કડાકામાં સેન્સેક્સ 765 પોઇન્ટ તૂટયો અને નિફ્ટી 24400ની નીચે

ટ્રમ્પના ટેરિફ બોમ્બથી થનારા નુકશાનથી શેરબજાર ધ્રુજ્યું : તમામ સેકટરો લાલ નિશાનમાં

વાણિજ્યપ્રતિનિધિતરફથી

અમદાવાદ, તા.૮: સપ્તાહના અંતિમ દિવસે શેરબજારમાં દબાણ જોવા મળ્યું હતું અને સેન્સેક્સ-નિફ્ટી લગભગ એક ટકા ઘટીને બંધ થયા હતા. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં વેચવાલી જોવા મળી. બીએસઇના તમામ સેકટર દબાણમાં જોવાયા હતા. જેમાં બેન્કીગ, ઓટો, ફાર્મા અને બેન્કીગ શેરોમાં ખરીદારી જોવા મળી છે.

ટ્રમ્પના ટેરિફનના નિર્ણયની અસર અંગે ચિંતા વચ્ચે રોકાણકારો સાવચેત રહ્યા હોવાથી મોટો નુકશાન સાથે સમાપ્ત થયા હતા. બજારનું સેન્ટિમેન્ટ જોખમ વિપરીત બન્યું હતું, જેમાં સહભાગીઓએ જોખમ બંધનો અભિગમ અપનાવ્યો હતો. આવનારા દિવસોમાં રોકાણકારો ક્રુડ ઓઇલના ભાવ, એફઆઇની પ્રવૃત્તિ અને ટેરિફના મોરચે વિકાસ પર બારીકાઇથી નજર રાખશે.

નિફ્ટીમાં અદાણી એન્ટરપ્રાઇઝ, ભારતી એરટેલ, શ્રીરામ ફાઇનાન્સ, ઇન્ડસન્ડ બેનક્ર, એમ એન્ડ એમ ટોપ લુસર્સ રહ્યા હતા. ટાઇટન, એનટીપીસી, ડો. રેડ્ડીઝ લેબ, એચડીએફસી લાઇફ, બજાજ ફિનસર્વ ટોપ ગેઇનર્સ રહ્યા હતા.

રીગાલ રિસોર્સિસ લિમિટેડે રૂ. 5ની મૂળ કિંમત ધરાવતા ઇક્વિટી શેરની શેર દીઠ રૂ. 96થી રૂ. 102ની પ્રાઇસ બેન્ડ નક્કી કરી છે. જેનો આઇપીઓ 12મી ઓગસ્ટે ખુલશે અને 14મી ઓગસ્ટે બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા 144 ઇક્વિટી શેર માટે અને ત્યારબાદ 144 ઇક્વિટી શેરના ગુણાંકમાં બોલી લગાવી શકે છે.આ આઇપીઓ રૂ. 210 કરોડનો ફ્રેશ તથા ઓએફસનું મિશ્રણ છે. કંપની દ્વારા મેળવેલા ચોક્કસ ઉધારની સંપૂર્ણ અથવા આંશિક ચુકવણી અને પૂર્વ-ચુકવણી માટે રૂ. 159 કરોડ સુધીની નવી ઇશ્યૂમાંથી મળેલી રકમમાંથી ઉપયોગમાં લેશે.

બીએસઇ સેન્સેક્સ 765.47 પોઇન્ટ એટલે કે 0.95 ટકા વધીને 79857.79 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે સેન્સેક્સ 80000 પોઇન્ટની સપાટી તોડી હતી. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 80550 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 79775 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 232.85 પોઇન્ટ એટલે કે 0.95 ટકા ઘટીને 24400 પોઇન્ટની સપાટી તોડીને 24363.30 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં 24585 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24337 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 516.25 પોઇન્ટ એટલે કે 0.93 ટકા ઘટીને 55004.90 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ભારતી એરટેલ 44.72 ગણા, ક્રિષ્ણા ઇન્સ્ટીટ્યુટમાં 33.56 ગણા, કલ્પતરૂ પ્રોજેક્ટમાં 32.9 ગણા, ક્યુમીન્સ ઇન્ડિયામાં 9.58 ગણા અને જીએસએફસીમાં 7.16 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે કલ્પતરૂ પ્રોજેક્ટમાં 31.9 ગણા, ભારતી એરટેલમાં 20.18 ગણા, સાંઇ લાઇફ સાયન્સીસમાં 12.93 ગણા, ગ્લોબલ હેલ્થમાં 12.31 ગણા, કલ્યાણ જવેલર્સમાં 7.62 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં અંડરપર્ફોમ કર્યુ હતું. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 1.56 ટકા અને બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સ 1.03 ટકા ઘટ્યા હતા. માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઇ ખાતે 2495 શેરો ઘટ્યા હતા, જ્યારે 1532 શેરો વધ્યા હતા અને 146 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી રિયલ્ટી ઇન્ડેક્સ 2.11 ટકા ઘટયા હતા. જેમાં ગોદરેજ પ્રોપર્ટીઝ, ફિનિક્સ મીલ્સ, શોભા, ઓબેરોય રિયલ્ટી, અનંતરાજ, રેમન્ડ, ડીએલએફ, લોઢા ડેવલપર્સ, પ્રેસ્ટીજ એસ્ટેટ અને બ્રિગ્રેડ એન્ટર ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં મિશ્ર હવામાન જોવાયું હતું. કેમ કે રોકાણકારોએ ફેડરલ રિઝર્વના ગર્વનીંગ બોર્ડમાં ખુલ્લી બેઠક માટે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનની પ્રતિક્રિયા આપી હતી. એશિયન બજારો મિશ્ર રહ્યા હતા. જાપાનનો ટોપિક્સ ઇન્ડેક્સ સતત ચોથા સેશનમાં વધ્યો હતો. ટ્રમ્પના પારસ્પારિક ટેરિફ અસરગ્રસ્ત દેશો અને સામાન્ય રીતે વૈશ્વિક અર્થતંત્રને કેવી અસર કરશે તેના પર રોકાણકારો નજર રાખવાનું ચાલુ રાખશે.

રાષ્ટ્રપતિએ જાહેરાત કરી હતી કે તેમણે ફેડરલ રિઝર્વ બોર્ડ ઓફ ગર્વનન્સમાં એડ્રિયાના કુગલરની જગ્યાએ તેમની પસંદગી તરીકે કાઉન્સીલ ઓફ ઇકોનોમિક એડવાઇઝર્સના અધ્યક્ષ સ્ટીફન મિરાનની પસંદગી કરી છે. મીરાન કુગલરની બાકીની મુદ્દત પુરી કરશે, જે ગત શુક્રવારે તેના રાજીનામા બાદ જાન્યુઆરીમાં સમાપ્ત થઇ રહી છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.07 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે કેક 0.17 ટકા અને ડેક્સ 0.09 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.73 ટકા, તાઇવાન 0.07 ટકા, જકાર્તા 0.57 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. સ્ટ્રેઇટસ 0.43 ટકા, હેંગસેંગ 1.20 ટકા, કોસ્પી 0.55 ટકા અને શાંઘાઇ 0.12 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયો વધુ પાંચ પૈસા સુધર્યો

કરન્સી બજારમાંડોલરની સામે રૂપિયો 5 પૈસા સુધર્યો હતો. આજે ડોલરની સમે રૂપિયો 5 પૈસા વધીને 87.66ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં 87.71ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 101.93, પાઉન્ડ 118.45, કેનેડિયન ડોલર 63.98, ઓસ્ટ્રેલિયન ડોલર 56.97, જાપાનીઝ યેન 0.5930 અને સીંગાપોર ડોલર 68.48ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	87.66
યુરો	101.93
પાઉન્ડ	118.45
યેન	0.5930

સેન્સેક્સ	-765.47	79857.79
નિફ્ટી	-232.85	24363.30
બેન્કનિફ્ટી	-516.25	55004.90

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એનટીપીસી	1.52	334.75
ટાઇટન કંપની	1.30	3460.20
ડો. રેડ્ડીઝ લેબ	0.88	1211.40
એચડીએફસી લાઇફ	0.77	761.55
બજાજ ફિનસર્વ	0.27	1919.20

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ભારતી એરટેલ	3.33	1858.60
અદાણી એન્ટર	3.19	2178.10
ઇન્ડસઇન્ડ બેન્ક	3.08	782.45
શ્રીરામ ફાઇનાન્સ	2.82	609.65
મહિન્દ્રા-મહિન્દ્રા	2.08	3144.20

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એનટીપીસી	1.39	334.60
ટાઇટન કંપની	1.33	3460.40
બજાજ ફિનસર્વ	0.28	1919.20
ટ્રેન્ટ	0.24	5315.00
આઇટીસી	0.19	414.40

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ભારતી એરટેલ	3.41	1858.70
ટાટા મોટર્સ	2.19	633.30
કોટક મહિન્દ્રા બેન્ક	2.08	1950.90
મહિન્દ્રા-મહિન્દ્રા	2.01	3146.25
એકસીસ બેન્ક	1.82	1057.35

સોના-ચાંદી સુરત
(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૦૪૧૫૦
તેજાબી સોનું	૧૦૪૦૯૦
દાગીના-૨૨ કેરેટ	૯૮૯૦૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૦૨૦૯૦
સોનાનાં બિસ્કીટ	૧૦૪૧૮૦૦
ચાંદી (૯૯૯)	૧૧૮૨૦૦
ચાંદી સિક્કા	૧૧૯૭૦૦

જથ્થાબંધ ખાંડબજાર
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૩૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૦૦
એસ-૩૦	૪૨૫૦

તેલ બજાર સુરત
૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૫૬૦	કોપરેલ	૭૮૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૩૬૦	વનસ્પતિ ઘી	૨૩૫૦
સીંગતેલ (૫ લી)	૮૬૦	સનફ્લાવર	૨૧૭૦
કપાસીયા (૧૫ કિ.)	૨૪૫૦	તલતેલ	૫૦૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૨૫૦	દિવેલ	૨૪૫૦
કપાસીયા (૫ લિ.)	૭૯૦	મકાઇ તેલ	૨૪૦૦
સરસીયું તેલ	૨૯૫૦		

ચાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)
નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂા.	૭૫/૩૬ ,,	૧૨૭	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૫૪	૫૦/૩૬ ,,	૧૩૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૩૯
૩૦/૩૬ એફડી	૨૬૨	૫૦/૪૮ SD/ક્રેપ	૨૨૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૭૩
૬૨/૩૬ ક્રિમ્પ	૧૩૩	૮૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૫૪ ક્રિમ્પ	૧૩૧.૫
૬૮/૩૬	૧૨૬	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૨૪
૭૨/૩૬ ક્રિમ્પ	૧૨૬	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧૨૪
૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૨૪
૮૪/૪૮ ક્રિમ્પ	૧૨૪	૮૦/૭૨ રોટો	૧૩૦	૭૫ ક્રિમ્પ	૧૨૩
૩૦/૧૪ ક્રિમ્પ	૧૭૩	૮૦/૭૨ ફોલ્ડર	૧૪૨	૮૦ ક્રિમ્પ	૧૨૯
૮૦/૭૨ રોટો.	૧૨૭.૨૫	૧૬૦ ડીસ્કેટ	૧૪૨	૮૦/૭૨ રોટો	૧૨૮
૮૦/૩૬ રોટો.	૧૨૬	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૦	૮૦/૧૦૮ ,,	૧૩૪	૩૦/૩૬ એફડી	---

ભારત, રશિયા અને ચીન ભેગાં થાય તો અમેરિકાની દાદાગીરીનો અંત આવશે

વીસમી સદી અમેરિકાની હતી તો એકવીસમી સદી એશિયાની છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ જાણતાં કે અજાણતાં અમેરિકાને ખાડામાં ધકેલી રહ્યા છે, જેને કારણે જગતના ફલક પર એશિયાના યુગનો ઉદય થઈ રહ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પે છેલ્લા એક સપ્તાહમાં રશિયા સાથેના વેપારના મુદ્દે ભારત ઉપર જે ખુલ્લું આક્રમણ કર્યું તેને કારણે ભારતનો અમેરિકા માટેનો મોહ ઊતરી ગયો છે અને ભારતને ફરજિયાત રશિયાની સોડમાં જવાની ફરજ પડી છે. ભારત રશિયા સાથેની પોતાની મૈત્રી વધુ ગાઢ બનાવે તેનો અર્થ એવો થાય કે ભારતે ચીન માટેની પોતાની જૂની દુશ્મનાવટ ભૂલી જવી જોઈએ અને ચીન સાથેના સંબંધોમાં નવેસરથી શરૂઆત કરવી જોઈએ. ભારતે અને ચીને પણ આ માટેની તૈયારી બતાવી છે, જેની મુખ્ય નિશાની વડા પ્રધાન મોદીની આગામી ચીનયાત્રા છે. જો બીજિંગમાં મોદી અને જિનપિંગ એક મંચ પર દેખાશે તો ટ્રમ્પને એક મજબૂત સંદેશ મળશે. બીજી બાજુ રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન ભારતની મુલાકાતે આવી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ રશિયા, ચીન અને ભારતની ધરીને મજબૂત કરવામાં મદદ કરી રહ્યા છે.

રશિયા-ભારત-ચીન ત્રિપક્ષીય ફોરમ RICની શરૂઆત ૧૯૯૦ ના દાયકામાં રશિયાના ભૂતપૂર્વ વડા પ્રધાન યેવગેની પ્રીમાકોવ દ્વારા કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ અમેરિકા અને પશ્ચિમી દેશોની એકધ્રુવીય વિશ્વ વ્યવસ્થાને પડકારવાનો અને બહુધ્રુવીય વિશ્વવ્યવસ્થાને પ્રોત્સાહન આપવાનો હતો. આ ફોરમનું ધ્યેય ત્રણેય દેશો વચ્ચે વ્યૂહાત્મક, આર્થિક અને સુરક્ષા સહયોગને મજબૂત બનાવવાનો હતો. ૨૦૦૨ થી ૨૦૨૦ સુધી RIC એ ૨૦ થી વધુ મંત્રી સ્તરની બેઠકો યોજી હતી, જેમાં વિદેશ નીતિ, વેપાર અને સુરક્ષા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. ૨૦૨૦ પછી ભારત-ચીન સરહદ પર ગાલવાન ખીણ સંઘર્ષને કારણે આ ફોરમ નિષ્ક્રિય થઈ ગયું હતું.રશિયા અને ચીન હવે આ પ્લેટફોર્મને ફરીથી સક્રિય કરવાના પક્ષમાં છે. ભારતે પણ આ અંગે સકારાત્મક પરંતુ સાવધાનીભર્યું વલણ અપનાવ્યું છે. ભારતના NSA અજિત ડોભાલે મોસ્કોમાં રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને સુરક્ષા પરિષદના સચિવ સેરગેઈ શોઇગુ સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન પુતિનની ભારત મુલાકાતની તારીખો નક્કી થઈ ગઈ હતી.

બીજા વિશ્વયુદ્ધ પછી રચાયેલી વિશ્વવ્યવસ્થામાં અમેરિકા અને સોવિયેત રશિયા બે શક્તિનાં કેન્દ્રો હતાં. ૧૯૯૦ સુધીમાં સોવિયેત રશિયા આ રેસમાંથી બહાર થઈ ગયું હતું અને અમેરિકા આ વિશ્વવ્યવસ્થાનો એક માત્ર બોસ બની ગયું હતું, પરંતુ વર્ષ ૨૦૦૦ પછી ઉદારવાદ અને વૈશ્વિકીકરણની સીડી પર સવારી કરતા ભારતની અર્થવ્યવસ્થાએ આર્થિક ચમત્કારો કર્યા. ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહના કાર્યકાળ દરમિયાન ૮ ટકાના વિકાસ દરે ભારતની અર્થવ્યવસ્થાનું ચિત્ર બદલી નાખ્યું. આજે ભારત વિશ્વની સપ્લાય ચેઇનનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે. આપણે ૪ ટ્રિલિયન ડોલર સાથે વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા છીએ. ચીને છેલ્લા બેથી અઢી દાયકામાં અદ્ભુત આર્થિક પ્રગતિ પણ હાંસલ કરી છે. ૨૦૦૧ માં WTO માં જોડાયા પછી ચીને વૈશ્વિક વેપારમાં પોતાનો હિસ્સો વધાર્યો છે. ૨૦૨૪ માં વૈશ્વિક નિકાસમાં ચીનનો હિસ્સો ૧૪ ટકા હતો. માળખાગત સુવિધાઓ અને ઔદ્યોગિકીકરણમાં ભારે રોકાણે તેને વૈશ્વિક પુરવઠા શૃંખલાનું કેન્દ્ર બનાવ્યું છે. ટેકનોલોજીકલ પ્રગતિ, 5G-6G, સેમિકન્ડક્ટર અને AI ના વિકાસથી ચીન નવીનતામાં અગ્રેસર બન્યું. ૨૦૨૪ માં ૧૮.૩ ટ્રિલિયન ડોલર સાથે ચીનનો GDP અમેરિકા કરતાં થોડો જ ઓછો છે.વિશ્વના નકશા પર ભારત અને ચીનના ઉદય અને પુતિનના નેતૃત્વમાં રશિયન રાષ્ટ્રવાદની વિશાળ લહેરે સ્થાપિત વિશ્વવ્યવસ્થામાં હલચલ મચાવી દીધી છે.

બ્રિક્સ અને એસસીઓ જેવા મંચો દ્વારા ભારત-ચીન અને રશિયાએ ડોલર સિવાયના વેપારને પ્રોત્સાહન આપ્યું છે અને અમેરિકાના નાણાંકીય વર્ચસ્વને પડકાર્યું છે.વિશ્વ બેંક અનુસાર BRICSના દેશો વૈશ્વિક GDP માં ૨૬ ટકા હિસ્સો ધરાવે છે, જે G-7 ના ૪૪ ટકા કરતાં ઓછો છે, પરંતુ આ આંકડો ઝડપથી વધી રહ્યો છે. ભારત સંપૂર્ણપણે અમેરિકન છાવણીમાં નથી કે ચીન-રશિયન છાવણીમાં નથી, પરંતુ BRICS ના વિસ્તરણ અને SCO ના વિસ્તરતા વ્યાપથી પશ્ચિમી પ્રભુત્વ સામે પડકાર ઊભો થયો છે. ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટી તંત્રનો વાસ્તવિક ભય એ છે કે જો ભારત અને ચીન જેવા દેશો રશિયા સાથે હાથ મિલાવીને વૈશ્વિક સંસ્થાઓ, વેપાર અને નાણાંમાં અમેરિકાને બાજુ પર રાખવાનું શરૂ કરશે, તો વોશિંગ્ટનની પકડ નબળી પડી જશે. હકીકતમાં ટ્રમ્પ તેમાં મદદ કરી રહ્યા છે. આ જ કારણ છે કે અમેરિકા હવે ટેરિફના ટ્રેપમાં ફસાઈ ગયું છે.

અમેરિકાને ડર છે કે ભારત-રશિયા-ચીન ગઠબંધન ડોલરના વર્ચસ્વને નબળું પાડી શકે છે. ૨૦૦૦માં વૈશ્વિક વેપારમાં ડોલરનો હિસ્સો ૭૧ ટકા હતો, જે ૨૦૨૪માં ઘટીને ૫૮ કરતાં ઘણો ઓછો રહી ગયો હતો. હવે BRICSના દેશો ડોલરને પડતો મૂકીને પોતાનું અલાયદું ચલણ વિકસાવી રહ્યા છે. જો BRICSના દેશો પોતાનું ચલણ બહાર પાડવામાં સફળ થશે તો ડોલર તૂટી જશે અને તેની સાથે અમેરિકાનું આર્થિક સામ્રાજ્ય પણ ખતમ થશે. ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના વિશ્વવ્યાપી સામ્રાજ્યનો અંત આણનારા રાષ્ટ્રપતિ તરીકે ઇતિહાસમાં યાદ રહેશે.

ભારત, રશિયા અને ચીન વિશ્વની સૌથી મોટી શક્તિઓમાંની એક છે. આ ત્રણેય દેશોની સંયુક્ત લશ્કરી અને આર્થિક શક્તિ વૈશ્વિક વ્યવસ્થાને બદલી શકે છે. RICનો પુનર્જન્મ અમેરિકા અને પશ્ચિમી દેશોના વર્ચસ્વને ઘટાડી શકે છે. તે બહુધ્રુવીય વિશ્વ વ્યવસ્થાને પ્રોત્સાહન આપશે જેમાં બિન-પશ્ચિમી દેશોનો અવાજ મજબૂત હશે. આ સંગઠન સંયુક્ત રાષ્ટ્ર, BRICS અને શાંઘાઈ સહકાર સંગઠન (SCO) જેવા મંચો પર સાથે મળીને કામ કરીને તેનાં હિતોને અનુરૂપ વૈશ્વિક કાર્યસૂચિને ઘડી શકે છે.અમેરિકા RIC થી ખતરો અનુભવે છે કારણ કે તે તેની વૈશ્વિક સત્તાને પડકારી શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પ પહેલાથી જ BRICS અને રશિયા સાથે ભારતની ભાગીદારી પર પ્રશ્નો ઉઠાવી ચૂક્યા છે. રશિયા અને ચીન સાથે સહયોગ ભારતને ઊર્જા, સંરક્ષણ અને ટેકનોલોજી જેવાં ક્ષેત્રોમાં નવી તકો પૂરી પાડી શકે છે. તે સરહદ વિવાદ પર ચીન સાથે કાયમી વાતચીત માટે એક પ્લેટફોર્મ પણ પૂરું પાડી શકે છે, જે તણાવ ઘટાડી શકે છે અને ભારતને તેની વ્યૂહાત્મક સ્વાયત્તતા જાળવી રાખીને પશ્ચિમ અને પૂર્વ વચ્ચે સંતુલન બનાવવામાં મદદ કરી શકે છે.

ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટી તંત્રની ટેરિફ નીતિને ભારત અને રશિયા વચ્ચેની ગાઢ મિત્રતામાં તિરાડ પાડવાના વ્યૂહાત્મક પ્રયાસ તરીકે જોઈ શકાય છે. આ નીતિનો ઉદ્દેશ માત્ર ભારત પર આર્થિક દબાણ લાવવાનો નથી, પરંતુ વૈશ્વિક વેપારમાં રશિયાને નબળું પાડવાનો પણ પ્રયાસ હોઈ શકે છે. ભારત અને રશિયા વચ્ચે દાયકાઓ જૂના વ્યૂહાત્મક અને વેપાર સંબંધો છે, જેમાં સંરક્ષણ, ઊર્જા અને વેપાર જેવાં ક્ષેત્રોનો સમાવેશ થાય છે. બીજી તરફ, ડોનાલ્ડ ટ્રમ્પે ચીન પર ટેરિફ લાદવાની ધમકી પણ આપી છે, પરંતુ હજુ સુધી કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યાં નથી, જેના કારણે ભારત પર દબાણ વધુ સ્પષ્ટ દેખાય છે. ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ ધમકીઓ ભારત પર દબાણ લાવવાની વ્યૂહરચનાનો ભાગ હોઈ શકે છે, પરંતુ તેમની કેટલીક મર્યાદાઓ છે. ભારત દર વર્ષે ૮૭ અબજ ડોલરના માલની નિકાસ અમેરિકામાં કરે છે. ટેરિફ વધારવાથી અમેરિકાના પોતાના અર્થતંત્રને પણ નુકસાન થઈ શકે છે, કારણ કે ભારતીય માલ મોંઘા થવાથી અમેરિકન ગ્રાહકોને અસર થશે. ડોનાલ્ડ ટ્રમ્પે હજુ સુધી ચીન સામે ટેરિફ બાબતમાં કોઈ કડક વલણ દાખવ્યું નથી.

ભારત, રશિયા અને ચીનનું RIC જોડાણ વૈશ્વિક વ્યવસ્થામાં મોટો ફેરફાર લાવી શકે છે. તે બહુધ્રુવીય વિશ્વને પ્રોત્સાહન આપશે, જેમાં અમેરિકાનું એકપક્ષીય વર્ચસ્વ ઘટાડી શકાય છે. આ ભારત માટે એક વ્યૂહાત્મક તક છે, જેના દ્વારા તે પોતાની સ્વાયત્તતા જાળવી રાખીને રશિયા અને ચીન સાથે સહયોગ વધારી શકે છે. જો કે, ભારત-ચીન સરહદ વિવાદ પડકારજનક રહેશે. ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ ધમકીઓ ભારત પર દબાણ લાવવાનો પ્રયાસ છે, પરંતુ ભારતે સ્પષ્ટ કરી દીધું છે કે તે તેનાં હિતોમાં સમાધાન કરશે નહીં. જો RIC સંપૂર્ણપણે સક્રિય થાય તો તે માત્ર અમેરિકા જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે એક નવી ભૂ-રાજકીય અને આર્થિક વ્યવસ્થાની શરૂઆત કરી શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ટુ ધ પોઇન્ટ
સમકિત શાહ

ભારત, રશિયા અને ચીન વિશ્વની સૌથી મોટી શક્તિઓમાંની એક છે. આ ત્રણેય દેશોની સંયુક્ત લશ્કરી અને આર્થિક શક્તિ વૈશ્વિક વ્યવસ્થાને બદલી શકે છે

શેરબજારનો લાભ મૂડી-લાભ કે ધંધાકીય?

ટેક્સ ટ્વિટર
વિરેશ રૂદલાલ

ઇન્કમટેક્ષ સમક્ષ વર્ષો વર્ષ આ પ્રશ્ન ઉદ્ભવતો હતો જેના અનુસંધાને આવકવેરા અધિકારીઓ શેરબજારમાંથી ઉદ્ભવતા આવા નફાને મૂડી નફો ગણીને આકારિત કરતાં અથવા ધંધાકીય આવક ગણીને ઊંચા દરથી કરપાત્ર ગણતાં. આ તમામ વિવાદો ટ્રીબ્યુનલ અને હાઇકોર્ટ સમક્ષ ઉપસ્થિત થયા. આવકવેરા અધિકારી દ્વારા ધંધાકીય આવક ગણીને 30 ટકાનો ઊંચો દર લગાડવા સામેની અપીલમાંકરદાતાઓ દ્વારા સીબીડીટી પરિપત્ર નં. 4/2009 મુજબ બોર્ડની સૂચનાને ટાંકતા હતા જે મુજબ રોકાણ અને ટ્રેડીંગ એમ બે પોર્ટફોલિયો ધારણ કરવાને ધ્યાનમાં લઇને આયોજનનો મુદ્દો ઉઠાવી શકાય.

અનેકવિધ ચૂકાદાઓ

ગુજરાત હાઇકોર્ટે દીપાબેન અમિતભાઇ શાહ મુંબઇ હાઇકોર્ટે જનક એસ. રંગવાલા તથા ગોપાલ પુરોહિત, સુપ્રીમ કોર્ટના કેટલાક ચૂકાદાઓ મુજબ કેટલાક માપદંડ જોવાના રહે છે જેમ કે રોકાણ પાછળનો કરદાતાનો હેતુ, મૂડી પોતાની રોકી કે ઉછીની, ખરીદ વેચાણના વ્યવહારો કેટલા મોટા છે, વ્યવહારો વચ્ચેનો સમયગાળો જેમ કે રોજે રોજના વ્યવહારો, બે ત્રણ મહિનાનો ગાળો, 12 મહિનાથી વધારે વિગેરે, કરદાતાની અન્ય ધંધાકીય પ્રવૃત્તિ અને ચોપડે દર્શાવેલ વ્યવહારો ધ્યાનમાં લેવાના રહે છે.

બોર્ડ દ્વારા રૂપરેખાઓ

બોર્ડે વળી પાછો 29.2.2016ના પરિપત્ર નં. 6/2016 બહાર પાડીને એવું સૂચવ્યું કે કરદાતા દ્વારા ધારણ કરેલ લીસ્ટેડ શેર્સ સ્ટોક ઇન ટ્રેડ તરીકે બતાવ્યા હોય તો એના વેચાણમાંથી ઉદ્ભવતી આવક ધંધાકીય આવક ગણાશે.

- કરદાતા દ્વારા ધારણ કરેલ લીસ્ટેડ શેર્સ વેચાણની તારીખ પહેલા 12 મહિના કે તેથી વધારે સમય માટે ધારણ કરેલ હોય તો મૂડી નોફો (એલટીસીજી) બતાવેલ હોય તો આવકવેરા અધિકારી વાંધો લેતા નથી પરંતુ કરદાતા દ્વારા વર્ષો વર્ષ લીધેલ અભિગમ જો બદલાયા કરે તો મુશ્કેલ બની શકે છે.

- આ સિવાયના કેઇસોમાં કરદાતાના વ્યવહારો પરિપત્ર નં. 1827 તા. 31.8.1989 અને પરિપત્ર નં. 4/2007 તા. 15.6.2007ની માર્ગદર્શિકાને આધિન જોવાના રહેશે.

લાંબા ગાળા/ટૂંકા ગાળાનો નફો

બજેટ 2024થી લાંબાગાળા (એલટીસીજી) માં મુખ્યત્વે આવેલ ફેરફારોમાં 10 ટકાથી વધારીને 12.5 ટકાનો ટેક્ષ લાગુ થયો છે. જ્યારે ટૂંકાગાળા (એસટીસીજી)માં 15 ટકાથી વધારીને 20 ટકા જેવો ટેક્ષ દાખલ થયો છે. મુખ્યત્વે 12 મહિનાથી ઓછાના સમયગાળાના વેચાણ કયાંતો એસટીસીજી ગણાશે અથવા ધંધાકીય આવક સ્લેબ રેઇટથી ગણાય પરંતુ બંનેનો ટેક્ષ રેઇટ હવે લગભગ બરાબર જેવો થવા જાય છે તેથી વિવાદને સ્થાન રહેતું નથી. પરંતુ ધંધાકીય આવકમાં ઉછીની લીધેલ રકમ પરનું વ્યાજ, અન્ય ધંધાકીય ખર્ચાઓ પગાર, ભાડું ટેલીફોન બીલ વિગેરે બાદ મળી શકતા અસરકારક દર થોડો ઘટાડી શકાય. બે પોર્ટ ફોલિયો રાખ્યા હોય તો ધંધાકીય આવકના પોર્ટ ફોલિયો સામે પણ આ ખર્ચાઓ બાદ માંગી શકાશે.

ઝોરા પ્રેક્ષકોને બાંધી રાખવામાં અને તેમની ઉત્સુકતા જગાડવામાં નિષ્ફળ જાય છે

મૂવી રિવ્યુ
અમર સોલંકી દ્વારા
ફિલ્મ: ઝોરા (યુ-એ)
રેટીંગ: ★☆☆☆☆
એક લાઈનનો પ્રતિભાવ: એક લાઈનનો પ્રતિભાવ: ફિલ્મ ઓટીટી પર રિલીઝ થાય તેની રાહ જોઈ શકો છો.

'ઝોરા'ની વાર્તા એક રહસ્યમય માસ્ક પહેરેલા હત્યારાની આસપાસ ફરે છે જે સ્ટેમ્પ પેપર કૌભાંડ અને તેના સાથીદારોની હત્યાના ગુનેગાર સાબિત કરવા માટે એક પ્રામાણિક પોલીસ અધિકારી વિરાટ સિંહને મારી નાખે છે. આ હત્યાને આત્મહત્યા તરીકે દર્શાવવામાં આવે છે અને આખી સિસ્ટમ પ્રામાણિક અધિકારીને દોષી માને છે. વિરાટનો પુત્ર રણજીતે બાળપણમાં આ અપરાધનો સાક્ષી બન્